# સ્વામિનારાયણ પ્રકાશ

સપ્ટેમ્બર, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-


અમેરિકાની ધરતી પર ભવ્ય અને અદ્વિતીય

સ્વામિનારાયણ




# અક્ષરધામ

નિમંત્રણમ્



# સ્વા મિ ના રા ય ણ



## સ્વામિનારાયણ અક્ષરધામમાં આપનું સ્વાગત છે...

જે કલા, સ્થાપત્ય અને આધ્યાત્મિકતાનું સીમાચિહ્ન છે,

જ્યાં કલા શાશ્વત છે,

મૂલ્યો વૈશ્વિક છે અને

સર્જન પ્રેરણાદાયી છે.

# અ ક્ષ ર ધા મ



સમયનું ચક્ર અવિરત ફરે છે. પરંતુ

**કેટલાક અવસર સમયને સ્થગિત કરી દે છે**

અને ઇતિહાસમાં એક નવો અધ્યાય રચે છે.

આવી ઘટના હજાર વર્ષમાં ક્યારેક જ બને છે.

છેલ્લાં હજાર વર્ષમાં આવો એક અનોખો અવસર

પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં આવ્યો છે.

એ છે એક અનુપમ સર્જન:

**સ્વામિનારાયણ અક્ષરધામ,**

રોબિન્સવિલ, ન્યૂજર્સી, યુ.એસ.એ.

અમેરિકાની ધરતી પર રચાયેલું

સ્વામિનારાયણ અક્ષરધામ,

**ભગવાન સ્વામિનારાયણને સમર્પિત**

એવું ભવ્ય અને કલાત્મક મહામંદિર છે,

જે પરંપરાગત ભારતીય શૈલીમાં

સનાતન હિન્દુ ધર્મ અને

ભારતીય સંસ્કૃતિનો

એક અનોખો ઇતિહાસ રચે છે.

# સ્વા મિ ના રા ય ણ

ભારતીય કલા અને સ્થાપત્યની આ સદીની આ **અજાયબી** આરંભાઈ હતી

એક સાદા કાગળના ટુકડા પર દોરાયેલી એક સરળ **રેખા**થી...



# અ ક્ષ ર ધા મ



હજારો વર્ષોથી,

**દિવ્યતા અને ભક્તિની અભિવ્યક્તિનું**

અનોખું માધ્યમ બની રહ્યાં છે હિન્દુ મંદિરો.

એવી ભક્તિ અને દિવ્યતાની અભિવ્યક્તિ માટે

**પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ**

બી.એ.પી.એસ.ના સ્થપતિઓ-સંતોએ

આધુનિક એન્જિનિયરિંગ અને

પ્રાચીન પરંપરાના વિરલ સંયોજન સમા

## ભગવાનના દિવ્ય ધામ - અક્ષરધામ

મહામંદિરની ડિઝાઇન કરી.

તેનાં પદ-માપ અને પરિમાણ આ મંદિરને

છેલ્લાં ૬૦૦ વર્ષોમાં રચાયેલું અદ્વિતીય

એક સર્વાંગપૂર્ણ હિન્દુ મહામંદિર બનાવે છે.

સર્જનાત્મકતાના શિખર સમું

**અક્ષરધામ એ એક સમયાતીત કૃતિ છે**

જે સંસ્કૃતિના એક ગૌરવ તરીકે ઊભું છે.

દરેક પગલે દર્શનાર્થીઓ અહીં

હિન્દુ કલા અને સ્થાપત્યની અનુપમ

સુંદરતા અને સંવાદિતામાં ગરકાવ થઈ રહેશે.

**સ્વયંસેવકો**ની ભક્તિપૂર્ણ સેવાથી રચાયેલી આ અજાયબી

**નિઃસ્વાર્થ સમર્પણ**ની આધારશિલા પર ખડી થઈ છે.





અક્ષરધામ મહામંદિર વિશ્વનું એવું અજોડ

ઉદાહરણ છે કે જેના નિર્માણમાં સ્વયંસેવકોએ

**લાખો માનવ કલાકોની**

નિ:સ્વાર્થ સેવા પૂરી પાડી છે.

# અ ક્ષ ર ધા મ

અક્ષરધામ મહામંદિર અમેરિકાનાં

**૧૨,૫૦૦ મહિલા-પુરુષ સ્વયંસેવકોના**

સ્નેહ, સમર્પણ, સેવાભાવ અને

કૌશલ્યની યુગો સુધી સાક્ષી પૂરતું રહેશે.

**ભારતમાં સંતો-સ્વયંસેવકોની ટીમ દ્વારા**

આ પવિત્ર સ્થાપત્યની ડિઝાઇન થઈ.

તેને અનુરૂપ આરસ અને લાઇમ પથ્થર

યુરોપની ખાણોમાંથી કઢાવીને ભારત લવાયો.

**રાજસ્થાનમાં તેનું કલાત્મક ઘડતર કરાયું**

અને તેને રોબિન્સવિલ ખાતે અમેરિકામાં

પહોંચાડાયો.

**અમેરિકાના ૧૨,૫૦૦થી વધુ સ્વયંસેવકોએ**

ભારતના નિષ્ણાત સ્વયંસેવક

શિલ્પીઓના માર્ગદર્શન મુજબ

**જિગ્સો પઝલની જેમ આ મંદિરનું સર્જન કર્યું.**

અમેરિકાની ધરતી પર ઊછરેલા આ હજારો

સ્વયંસેવકોએ પોતાનાં આધ્યાત્મિક મૂલ્યો અને

**સાંસ્કૃતિક વારસા પ્રત્યેના ગૌરવથી સેવા કરીને**

એક અજોડ ઉદાહરણ પૂરું પાડ્યું છે.



# ભવ્ય પરિમાણ

**સંખ્યાની દૃષ્ટિએ અક્ષરધામ...**

**૨૫૫ ફૂટ પહોળું, ૩૫૪ ફૂટ લાંબું અને ૧૯૧ ફૂટ ઊંચું** અક્ષરધામ મહામંદિર છેલ્લાં ૬૦૦ વર્ષમાં પથ્થરમાંથી નિર્મિત અજોડ હિન્દુ મહામંદિર છે.

આ વિશાળ મહામંદિરની કેટલીક આંકડાકીય માહિતી આશ્ચર્ય ઉપજાવે છે:

**૧૮૩ એકર**
ભૂમિ

**૫૩૬**
પથ્થરના સ્તંભ

**૫૪૮**
પથ્થરના બીમ

**૧૦,૦૦૦**
મૂર્તિઓ અને શિલ્પો

**૪૬ શિખર-શિખરીઓ**
૩૭ ફાસના શિખર અને ૯ શિખર

**૧,૫૦૦,૦૦૦ ચો. ફૂટ**
બાંધકામ વિસ્તાર



**૧૫૧**
ભારતીય સંગીત વાદ્યોને પથ્થરમાં
કંડારવામાં આવ્યાં છે...

**૧૦૮**
હિંદુ શાસ્ત્રીય નૃત્ય
ભરતનાટ્યમ્‌ની મુદ્રાઓ જીવંત થઈ છે...

**૯ મહા મંડપમ્**
કલાત્મક ઘુમ્મટ સાથે

**૧૯ લાખ ઘન ફૂટ**
પથ્થરનો વિનિયોગ

**૨૩૫ મંડપમ્**
સુશોભિત કલામંડિત
મંડલાકૃતિ છત વિતાન સાથે

**૧,૧૦,૦૦૦ ટન**
મહામંદિર તથા તેની ફરતે રચાયેલી
પરિક્રમામાં વપરાયેલા પથ્થરનું વજન



સ્તંભયુક્ત પથ્થરની પરિક્રમા
**૮૬૫ ફૂટ લાંબી**
**૧૪ ફૂટ પહોળી**
**૩૫ ફૂટ ઊંચી**

કલાત્મક પરિક્રમામાં શોભે છે
**૪૮૦ સ્તંભો**
અને
**૨૪૦ સામરણ**

**૧૨,૫૦૦**
સ્વયંસેવકોનું યોગદાન

**લાખો માનવ કલાકોની**
નિ:સ્વાર્થ સ્વયંસેવક-સેવા





પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

આપને જણાવતાં અત્યંત

આનંદ અનુભવીએ છીએ કે આવનારી

અનેક શતાબ્દીઓ સુધી પશ્ચિમની ધરતી પર

**ભારતીય સંસ્કૃતિ, સનાતન હિન્દુ ધર્મ** અને

વૈશ્વિક મૂલ્યોની ગૌરવગાથા ગાતા ભવ્ય

**સ્વામિનારાયણ અક્ષરધામનો**

શાનદાર પ્રતિષ્ઠા મહોત્સવ અને

**લોકાર્પણ સમારોહ પ્રગટ બ્રહ્મસ્વરૂપ**

**મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા**

**ઓક્ટોબર ૮ '૨૩, રવિવાર, ભાદ્રપદ વદ ૯ના**

પવિત્ર દિને હજારો ભક્તો અને

મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાશે.

**કલા, સ્થાપત્ય અને આધ્યાત્મિકતાના**

અનોખા સીમાચિહ્‌ન સમા

સ્વામિનારાયણ અક્ષરધામના આ

ગૌરવવંતા ઉદ્‌ઘાટન અવસરે,

**હજારો વર્ષોમાં ક્યારેક જ યોજાતા આવા**

ઐતિહાસિક અવસરે આપને આમંત્રિત કરતાં

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા**

આનંદ અનુભવે છે...











૧૨ ગર્ભગૃહયુક્ત સ્વામિનારાયણ અક્ષરધામમાં પ્રતિષ્ઠિત થનારાં મનોહર ભગવત્ સ્વરૂપો...

# કાર્યક્રમની રૂપરેખા

- **તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર**
  **પ્રાસાદ પ્રવેશ વિધિ અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિ પ્રથમ સોપાન**
  સવારે ૮-૩૦ થી ૧૨-૦૦
  **સંધ્યા સમારોહ: સનાતન ધર્મ દિન,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૧ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર**
  **સંધ્યા સમારોહ: ભારતીય સંસ્કૃતિ દિન,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૨ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર**
  **સંધ્યા સમારોહ: અહિંસા દિન,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૩ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર**
  **શોભાયાત્રા:** બપોરે ૨-૦૦ થી ૪-૦૦
  **સંધ્યા સમારોહ: મહિલા દિન,** સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૪ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર**
  **મૂર્તિપ્રતિષ્ઠા વિધિ દ્વિતીય સોપાન,**
  સવારે ૮-૩૦ થી ૧૨-૦૦
  **સંધ્યા સમારોહ: સર્વધર્મ સંવાદિતા દિન,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૫ ઓક્ટોબર ૨૦૨૩, ગુરુવાર**
  **સંધ્યા સમારોહ: કમ્યુનિટી દિન,** સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૬ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર**
  **સંધ્યા સમારોહ: પ્રમુખસ્વામી મહારાજ દિન,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૭ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર**
  **સંધ્યા સમારોહ: મહંત સ્વામી મહારાજ જન્મજયંતી સભા,**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

- **તા. ૮ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર**
  **મૂર્તિપ્રતિષ્ઠા વિધિ અંતિમ સોપાન,**
  સવારે ૮-૩૦ થી ૧૨-૦૦
  **સંધ્યા સમારોહ: અક્ષરધામ લોકાર્પણ સમારોહ**
  સાંજે ૫-૦૦ થી ૮-૦૦

આપને જણાવતાં હર્ષ થાય છે કે સનાતન ધર્મના હિન્દુ ધર્મના ગૌરવવંતા મહામંદિર સ્વામિનારાયણ અક્ષરધામના પ્રાણપ્રતિષ્ઠા વિધિના પવિત્ર અવસરે વિશ્વભરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના તમામ હરિભક્તો તેમજ લાખો સનાતનધર્મી ભાવિકો ઘરે બેઠાં વિરાટ મહાપૂજામાં જોડાશે. આ માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા વિધિનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

સાંજે થનારા લોકાર્પણ-ઉદ્‌ઘાટન સમારોહનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. નીચે મુજબના સમયે થનાર જીવંત પ્રસારણનો લાભ લઈને આ ઐતિહાસિક અવસરે સહભાગી થવા માટે વિશ્વભરના તમામ ભક્તો -ભાવિકોને હાર્દિક નિમંત્રણ છે.

- **બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વેબકાસ્ટિંગ**

**તા. ૩૦ સપ્ટેમ્બર થી તા. ૮ ઓક્ટોબર, દરરોજ**

usa.akshardham.org

અમેરિકા સ્થિત અક્ષરધામની ઉપરોક્ત વેબસાઈટ પરથી રોજ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ થશે. (બાજુમાં લખેલા ન્યૂયોર્કના સમય મુજબ પ્રસારણ થશે. ભારત કરતાં ન્યૂયોર્કનો સમય ૯.૩૦ કલાક પાછળ છે.)

- **આસ્થા ટીવી ચેનલ દ્વારા પ્રસારણ**


**તા. ૮ ઓક્ટોબર અને રવિવારે** ન્યૂયોર્કના સમય મુજબ સવારે ૮-૩૦ થી ૧૨-૦૦ (ભારતના સમય મુજબ સાંજે ૬-૦૦ થી ૯-૩૦) દરમ્યાન **મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનું જીવંત પ્રસારણ** થશે, જેને અનુસરીને હરિભક્તો ઘરે બેઠાં અક્ષરધામની મહાપૂજા તેમજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મદિનના ગુરુપૂજનમાં જોડાશે.

- **ગુજરાત ફર્સ્ટ ટીવી ચેનલ દ્વારા પ્રસારણ**

**તા. ૩૦ સપ્ટેમ્બર થી તા. ૯ ઓક્ટોબર,**

**દરરોજ ભારતના સમયે રાત્રે ૯ થી ૧૦**

(આ ઉપરાંત અમેરિકામાં પણ બાજુમાં લખેલા ન્યૂયોર્કના સમય મુજબ OTT પ્લેટફોર્મ દ્વારા પ્રસારિત થશે.)



આ મહાન સંતે પૂર્ણતાનો

**પવિત્ર કળશ** ધારણ કર્યો હતો,

પરિણામે **અમેરિકાની સ્કાયલાઇન**માં એક એવા

આઇકોનિક સર્વાંગપૂર્ણ

**હિન્દુ મંદિરનું નિર્માણ** થયું છે,

જે સનાતન ધર્મની સાથે

અમેરિકાની લોકશાહી,

ઉદારતા અને ધાર્મિક સ્વતંત્રતાનો

યુગો સુધી **જયજયકાર** કરશે...

## પ્રેરણામૂર્તિ

સ્વામિનારાયણ અક્ષરધામના પ્રેરણામૂર્તિ છે
યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ.
પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં ભણેલા કે અભણ, દેશ કે વિદેશના આબાલવૃદ્ધ સૌ કોઈને ધન્ય કર્યા હતા.
બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૫૦,૦૦૦થી વધુ પત્રોનું લેખન;
કરોડોની વ્યક્તિગત મુલાકાત દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે.
અક્ષરધામ જેવાં જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧૨૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના કેટલાય દેશોમાં અનેક કુદરતી આપત્તિગ્રસ્ત લોકો માટે તેઓની કરુણા વહી છે. સ્વામીશ્રીના આધ્યાત્મિક અનુગામી મહંત સ્વામી મહારાજે હજારો ભક્તો-ભાવિકોને સેવામાં પ્રેરીને અમેરિકાની ધરતી પર અક્ષરધામનું નિર્માણ સંપન્ન કરીને પ્રમુખસ્વામી મહારાજને એક મહાન અંજલિ આપી છે. તેઓ અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપીને સર્વાંગી ઉત્કર્ષ કરી રહ્યા છે.

## પ્રયોજક

BAPS

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ બી.એ.પી.એસ. સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, જેનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે (૧૮૬૫-૧૯૫૧) સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે (૧૮૯૨-૧૯૭૧) અને ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે (૧૯૨૧-૨૦૧૬) આ સંસ્થાનું સુકાન સંભાળીને તેનો જગતભરમાં વિસ્તાર કર્યો.
સંસ્થાનાં ૨૧,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧૨૦૦ સુશિક્ષિત સંતો તથા ૮૦,૦૦૦ સ્વયંસેવકો આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક અને સામાજિક સેવા પ્રવૃત્તિઓનું વહન કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો દ્વારા માન્ય સેવાસંસ્થા છે. વિશ્વના અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને આ સંસ્થાએ સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર, નવી દિલ્હી અને રોબિન્સવિલ, અમેરિકા ખાતે અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.



## અમેરિકાની ધરતી પર અભિનવ તીર્થ
## સ્વામિનારાયણ અક્ષરધામમાં

# મહંત સ્વામી મહારાજનું ભક્તિભાવભર્યું સ્વાગત

હિન્દુ સંસ્કૃતિનું અભિન્ન અંગ અને ભારતનો ભવ્યાતિભવ્ય વારસો એટલે મંદિર. ભારત વર્ષમાં પ્રાચીનકાળથી આજ સુધી વિશ્વની પ્રાચીનતમ વૈદિક સંસ્કૃતિનો સૂર્ય ઝળહળતો રાખ્યો છે – શાસ્ત્રો, મંદિરો અને સંતોએ. ભૌતિકતાના ઝંઝાવાતમાં સંસ્કૃતિનાં આધ્યાત્મિક મૂલ્યોના જતન માટે મંદિરોની ભૂમિકા અદ્વિતીય રહી છે. એટલે જ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં મંદિરોનું સર્જન કર્યું. આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો લાખો લોકો માટે સંસ્કારોની પાવન ગંગોત્રી બન્યા છે. આ મંદિરો અનેક ભક્તોનાં સમર્પણ, નિષ્ઠા, ભક્તિ અને તપનું મૂર્તિમંત સ્વરૂપ છે. એટલે જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ એ કેવળ સ્થૂળ નિર્માણ પ્રક્રિયા જ નથી, પણ સમર્પણ-ભક્તિની દિવ્ય અનુભૂતિ છે.

બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિદેશોમાં ઠેર ઠેર મંદિરો રચ્યાં, તેમાં અમેરિકાની ભૂમિ પર હિન્દુ ધર્મની જ્યોત ઝળહળતી રાખવા માટે સંકલ્પ કર્યો હતોઃ 'ન્યૂજર્સીમાં ભવ્ય અક્ષરધામ કરવું છે.'

આ સંકલ્પને સાકાર કરવા માટે સન ૨૦૧૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ૯૪ વર્ષની ઉંમરે અક્ષરધામની ભૂમિ પર, રોબિન્સવિલ નગરની ધરા પર પધાર્યા હતા. અહીં કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું, સાથે સાથે 'સ્વામિનારાયણ અક્ષરધામ'નું ભૂમિપૂજન પણ કર્યું હતું. ત્યારબાદ અક્ષરધામનું નિર્માણકાર્ય વેગવંતું બન્યું. જેના પથ્થરે પથ્થરમાં શ્રમ, સેવા, શ્રદ્ધા અને ભક્તિભર્યા સમર્પણની ગાથાઓ કંડારાઈ છે. આ અક્ષરધામ માત્ર પથ્થરોનું બનેલું કોઈ એક ધાર્મિક સ્થાપત્ય નથી, પરંતુ ભક્તો-ભાવિકોની હૃદય-ભાવનાનું ધબકતું પ્રતીક છે.

આવનારા મહિને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં હૃદયાંજલિ અર્પણ કરતા આ અનન્ય મહામંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા વિધિ થશે ત્યારે નવખંડ ધરામાં તેના પડઘમ ગુંજી રહેશે. આ 'અક્ષરધામ મહોત્સવ'માં દિવ્ય આધ્યાત્મિક લાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ રોબિન્સવિલની ધરા પર પધાર્યા છે. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌ કોઈના અંતરમાં 'અક્ષરધામ મહોત્સવ' શાનદાર ઊજવવાના કોડ જાગ્યા છે. તે માટે સૌની સેવા-સમર્પણ-ભક્તિ ચરમસીમાએ પહોંચી છે. સ્વામીશ્રી સૌને વિશેષ ને વિશેષ આત્મબળ સિંચી અનેરું માર્ગદર્શન આપી રહ્યા છે. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં દિવ્યતાનો સંચાર થઈ રહ્યો છે અને ભક્તિભાવના પૂર ઊમટ્યાં છે. સૌ કોઈ આ સેવા-સમર્પણ-સત્સંગ-ભક્તિના પ્રવાહમાં ઝબકોળાઈને પાવન થઈ રહ્યાં છે.

સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં બાળકો-યુવકો-કિશોરો મુખપાઠ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. સંગીતજ્ઞ સંતો-યુવકો કીર્તનભક્તિ દ્વારા પોતાની કલા પાવન કરે છે.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં પ્રતીક ઉત્સવોની ઉજવણી થઈ હતી. સમગ્ર વરસ દરમ્યાન આવતા ઉત્સવો અહીં

અધિક શ્રાવણ માસની પ્રત્યેક તિથિએ 'પ્રતીક ઉત્સવ' તરીકે ઊજવાયા હતા. સ્વામીશ્રીએ આ ઉત્સવોમાં પધારીને સૌને દિવ્ય સત્સંગ-દર્શનલાભ આપ્યો હતો.

અહીં વિવિધ વિભાગોની સેવામાં જોડાયેલા હરિભક્તો-સ્વયંસેવકોએ પોતાના વિભાગનું નિદર્શન કરીને સ્વામીશ્રીના કૃપાશિષ મેળવ્યા હતા.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં સૌ કોઈ આધ્યાત્મિક સુખનો પરમ આનંદ લઈ રહ્યા છે. સાથે સાથે અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે 'ફેસ્ટિવલ ઑફ ઇન્સ્પિરેશન'નો આરંભ થઈ ચૂક્યો છે. અત્રે તે ઉત્સવ-પ્રસંગોનો લાભ પ્રાપ્ત કરીને આપણે પણ અંતરના ઉમળકાથી 'અક્ષરધામ મહોત્સવ'ને વધાવીએ...

---

## ■ સ્વામિનારાયણ અક્ષરધામમાં સ્વામીશ્રીનાં વધામણાં...

તા. ૮-૭-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કેનેડાના ટોરન્ટો ખાતેથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને હવાઈ માર્ગે અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના મહાનગર રોબિન્સવિલ પધાર્યા હતા. ૧લી મે, ૨૦૨૩થી આરંભાયેલ 'અક્ષરધામ યાત્રા'નો ખરેખરો પ્રારંભ આ અમેરિકા યાત્રાથી થતો હતો, કારણ કે લંડન અને કેનેડાને અલભ્ય લાભ આપીને સ્વામીશ્રી રોબિન્સવિલ નગરમાં પધારી રહ્યા હતા - 'અક્ષરધામ મહોત્સવ' ઊજવવા. સ્વામીશ્રી અને સૌને તેનો ખૂબ આનંદ-ઉમંગ હતો. નાનાં નાનાં બાળકો પણ તેમાં બાકાત નહોતાં. ન્યૂજર્સી રાજ્યના પાટનગર ટ્રેન્ટન(Trenton)ના 'ટ્રેન્ટન-મર્સર' ઍરપોર્ટ પર પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સૌ સંતો-હરિભક્તો વતી યજ્ઞવલ્લભદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વાગત કર્યું. રોબિન્સવિલના મેયર શ્રી ડેવિડ ફ્રીડ (David Fried) પણ સ્વામીશ્રીને સત્કારવા ઍરપોર્ટ પર પધાર્યા હતા. મેયરશ્રીએ સ્વામીશ્રીને હાર પહેરાવી સત્કાર્યા. એટલું જ નહીં, જાતે જ પોલીસ એસ્કોર્ટ ડ્રાઇવ કરીને સ્વામીશ્રીને રોબિન્સવિલ અક્ષરધામ પરિસર સુધી દોરી ગયા. સ્વામીશ્રીના આગમનને વધાવતી રોબિન્સવિલમાં 'સ્વાગત સભા' આરંભાઈ ચૂકી હતી. જેમાં, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની અમેરિકા ખાતેની સ્મૃતિઓ દર્શાવાઈ રહી હતી.

અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રી ઍરપોર્ટ પરથી રોબિન્સવિલના અક્ષરધામ પરિસરમાં પધાર્યા ત્યારે ભક્તોના હૈયામાં આનંદ, ઉમંગ અને ભક્તિની ભરતી ચઢી હતી. યુવકોએ નૃત્ય દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. રથમાં બિરાજમાન સ્વામીશ્રી સૌનું સ્વાગત ઝીલતાં એક પથ્થરમાંથી નિર્મિત એક કલામંડિત સ્મૃતિદેરી પાસે પધાર્યા. આ એ જ સ્થાન હતું જ્યાં સન ૨૦૧૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું અને સન ૨૦૧૭માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સૌએ સ્વાગત કર્યું હતું. આ સ્થાનની ચિરંતન સ્મૃતિ રહે એ માટે અહીં સુંદર સ્મૃતિદેરી રચવામાં આવી હતી. સમગ્ર નોર્થ અમેરિકા સત્સંગ મંડળ વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને પૂજન કરીને વધાવ્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ ભગવાન સ્વામિ-નારાયણનાં ચરણારવિંદનું વેદોક્ત પૂજન કર્યું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ તે પ્રાસાદિક ચરણારવિંદનું સ્મૃતિદેરીમાં સ્થાપન કર્યું હતું. મેયરશ્રીએ ચરણારવિંદ પર પુષ્પ પધરાવી શ્રદ્ધા પ્રગટ કરી. સ્વામીશ્રી વતી આનંદસ્વરૂપદાસ સ્વામીએ મેયરશ્રીને હાર પહેરાવ્યો અને નાડાછડી બાંધી. અક્ષરવત્સલદાસ સ્વામીએ કહ્યું: મેયરશ્રીએ 'અક્ષરધામ મહોત્સવ'ને પોતાનો માન્યો છે. તેઓ કહે છે કે 'હું તો આ મહોત્સવનો યજમાન છું!' તે સાર્થક કરતાં મેયરશ્રીએ ચરણારવિંદ સમક્ષ શ્રીફળ વધેર્યું.

સ્વામીશ્રીના આગમન પહેલાં વરસાદ વરસતો હતો તે સંદર્ભમાં અક્ષરવત્સલદાસ સ્વામીએ કહ્યું: 'આજે આખી સૃષ્ટિ પાંચે તત્ત્વ સહિત આનંદમાં છે, કારણ કે અક્ષરધામના ઉદ્‌ઘાટન માટે સ્વામીશ્રી પધાર્યા છે. આવનારાં હજારો વર્ષો સુધી લોકોને અહીંથી પવિત્ર આધ્યામિક અને નૈતિક જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત થતી રહેશે. એવું ભવ્ય, અદ્‌ભુત મહામંદિર અર્પણ કરવા સ્વામીશ્રી આપ પધાર્યા છો!' સ્વામીશ્રીના આગમનને વધાવતા માર્ગની બંને તરફ હરિભક્તો અને મુખ્યત્વે સ્વયંસેવકો ખૂબ આનંદિત થઈ જય જયકારો ગુંજાવી રહ્યા હતા.

બરાબર રાત્રિના ૮:૨૩ વાગ્યે સ્વામીશ્રી અક્ષરધામ પરિસરમાં સ્થાપિત કરવામાં આવેલી ૪૯ ફૂટ ઊંચી નીલકંઠ વર્ણીની ભવ્ય અને દિવ્ય તપોમૂર્તિ સમક્ષ પધાર્યા. ભાવથી દર્શન

કરી મિષ્ટાન્નનો થાળ ધરાવ્યો. નીલકંઠ વાટિકામાં બાળકો બી.એ.પી.એસ.ની ધજા ફરકાવી રહ્યા હતા. કેટલાંક બાળકો વિશાળ આરતી વડે આરતી ઉતારતાં ગુરુહરિને વંદના કરી રહ્યા હતા. આમ, સ્વામીશ્રીના પગલે પગલે નવીનતા, આનંદનાં અને સ્વાગતનાં વિવિધ સ્વરૂપો રચાયાં હતાં.


અહીંથી સ્વામીશ્રી નીલકંઠ વર્ણીની પશ્ચાદ્ભૂમાં બ્રહ્મકુંડની સમીપે આવેલા વિશાળ પ્રવેશદ્વાર પાસે પધાર્યા ત્યારે ઉપરથી પુષ્પ-પાંદડીઓ વરસાવવામાં આવી. એક ભવ્ય અને વિરાટ હાર વડે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. ગમનપથની બંને બાજુએ રંગોળી, દીવડા, કળશ વગેરે માંગલ્યરૂપ પ્રતીકોની સજાવટ કરી હતી. બાળકો દેવતાઈ વેશે પુષ્પ-પાંદડીઓ વરસાવી રહ્યા હતા. તે તમામ સ્નેહે સ્વીકારતાં સ્વામીશ્રી ‘વેલકમ સેન્ટર’માં પધાર્યા. અહીં વિરાજિત પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિનાં ભાવથી દર્શન કરીને વંદના કરી. રોબિન્સવિલમાં ઉપસ્થિત લગભગ ૧૬૦ જેટલા સંતો-પાર્ષદો-સાધકો અહીં ક્રમબદ્ધ બેઠા હતા. પોતાના માનસપુત્રોને નિહાળીને સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તમામ પર અમીદૃષ્ટિ કરી દર્શનસુખ આપ્યું.

સ્વામીશ્રી બે મયૂરદ્વારની વચ્ચે પધાર્યા ત્યારે રોમાંચકારી સંગીતની સાથે આતશબાજી આરંભાઈ, વચ્ચેનો એક વિશાળકાય પડદો હટ્યો અને ભવ્ય, દિવ્ય, અલૌકિક અક્ષરધામ દૃશ્યમાન થયું. સ્વામીશ્રી માટે અક્ષરધામનું આ પ્રથમ દર્શન હતું. સ્વામીશ્રીએ બે હાથ જોડી ભાવથી વંદન કર્યાં. સ્થિર નયને નિહાળતા જ રહ્યા. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ અક્ષરધામની માહિતી આપી.

બરાબર ૮:૪૪ વાગ્યે સ્વામીશ્રીએ વ્હીલચૅરમાંથી અક્ષરધામને ધારી રહેલી આ પવિત્ર ભૂમિ પર ચરણારવિંદ મૂક્યાં તે સાથે જ સંતો-ભક્તોએ બુલંદ જયનાદ કર્યા. બ્રહ્મકુંડની સન્મુખ રચવામાં આવેલા એક ઉપમંચ પર સ્વામીશ્રી પધાર્યા. અહીં લાંબા સમયથી દર્શનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા અસંખ્ય હરિભક્તો ગુરુહરિનાં દર્શનથી પુલકિત થઈ ઊઠ્યાં. નારાયણમુનિદાસ સ્વામીએ સ્મૃતિઓ જીવંત કરતાં કહ્યું: ‘સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજ આવી જ રીતે પધાર્યા હતા ત્યારે આવો જ માહોલ

રોબિન્સવિલ નગરમાં રચાયેલા ભારતીય સંસ્કૃતિના ગૌરીશિખર સમા અક્ષરધામના પ્રવેશદ્વાર પર સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત...
સ્વામીશ્રીના આગમન સાથે જ સમગ્ર પરિસર દિવ્યતા અને ભવ્યતાના માહોલ સાથે મુખરિત થઈ ઊઠ્યું...







ગુરુહરિનાં પ્રત્યક્ષ દર્શન કરીને પુલકિત થઈ ઊઠેલા દર્શનાતુર સંતો-હરિભક્તો...
અક્ષરધામની ભૂમિ પર સ્વામીશ્રીનું સ્વાગત કરતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી...

જામ્યો હતો. અને તે વખતે તેઓને 'જય સ્વામિનારાયણ!' કહ્યું હતું, એ જ રીતે 'જ...ય સ્વામિનારાયણ મહંત સ્વામી મહારાજ! જય સ્વામિનારાયણ!' સ્વામીશ્રીએ પણ લહેકાથી 'જય સ્વામિનારાયણ!' કહ્યા અને સંતો-ભક્તોમાં આનંદ આનંદ છવાઈ ગયો.

પોણા છ વર્ષના અંતરાલ બાદ અક્ષરધામની પવિત્ર ભૂમિ પર પધારેલા સ્વામીશ્રીનું પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને યજ્ઞવલ્લભદાસ સ્વામીએ કલાત્મક હારતોરા વડે સ્વાગત-સન્માન કર્યું.

સૌનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ સંતો-સ્વયંસેવકોના સમર્પણભાવને નવાજતાં કહ્યું: ''બધા સ્વયંસેવકોએ કમાલ કરી દીધી છે, નહીં તો આ પૂરું ન થાત. બધા એવા મંડી પડ્યા કે ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું, તન-મન-ધન યાહોમ કરી દીધું તો આ પરિણામ આવ્યું છે. એટલે તમે બધાએ ખૂબ મહેનત કરી છે સંપ-સુહૃદભાવ-એકતા રાખીને, જે યોગીબાપાનું સૂત્ર છે એ પ્રમાણે કર્યું છે. કહેવું સહેલું છે પણ ભેગા રહીને સેવા કરવી એ સહેલું નથી. અને બધાને આ સેવામાં આનંદ આનંદ થયો. કોઈ મોળી વાત નહીં, કોઈ મોળા શબ્દો નહીં અને અખંડ આનંદ!

હું ખાલી કલ્પના કરતો હતો કે કેવું હશે? શું હશે? પણ આજે મૂર્તિમાન જોયું એટલે ખૂબ આનંદ થયો. ખૂબ ખૂબ ખૂબ આનંદ થયો!!'' સૌએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીનો આનંદ પ્રતિધ્વનિત કર્યો. બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી ગુરુહરિને આવકારી અભિવંદના કરી.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઘણા સંતો-ભક્તોએ વિવિધ તપ-વ્રત કર્યાં હતાં. તેમનાં પારણાં માટે સ્વામીશ્રીએ પ્રસાદ પાંદડી છાંટી પ્રસાદીનો કરી આપ્યો અને કહ્યું, 'આજથી અક્ષરધામ નિર્માણ નિમિત્તે બધાના જે કાંઈ નિયમ હોય તે પૂરા.' સૌએ સ્વામીશ્રીનાં વચનો શિરોધાર્ય કર્યાં.

અક્ષરધામ નિર્માણમાં વિવિધ રીતે સહાયભૂત થઈ રહેલા ભક્તો-મહાનુભાવોને પ્રેમથી મળી, આશીર્વાદ અર્પી ગુરુહરિ 'અભિષેક મંડપમ્'માં

પધાર્યા. ઘણી લાંબી મુસાફરીના થાકને અવગણીને પણ સ્વામીશ્રીએ ઊભા થઈને અભિષેક મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં. બે કળશ ભરીને અભિષેક કર્યો અને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. અહીંથી મંદિરમાં પધાર્યા ત્યારે સોપાનપંક્તિની નીચે 'ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન' અને પ્રમુખસ્વામી મહારાજની સુંદર રંગોળી પૂરવામાં આવી હતી. કલાપ્રેમી સ્વામીશ્રી તે નિહાળીને ખૂબ પ્રસન્ન થયા. મંદિરમાં રામપંચાયતન, શિવપંચાયતન અને ગુરુવર્યોનાં દર્શન કરતાં મધ્યખંડ સમક્ષ પધાર્યા. અહીં પણ ઊભાં ઊભાં જ ઠાકોરજીની આરતી ઉતારી. શેષ દર્શન પૂર્ણ કરી અક્ષરધામના નિર્માણમાં સેવા આપતા સંતોને ખૂબ સ્નેહથી શુભાશિષ અર્પી નિજનિવાસે પધાર્યા.

● તા. ૯-૭-૨૦૨૩ના રોજ સ્વામીશ્રી અક્ષરધામના નિરીક્ષણ માટે પધાર્યા હતા. આમ તો આજે તેઓનો વિશ્રામ દિન હતો એટલે કોઈ જ આયોજન નહોતું, પરંતુ સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજની જેમ જ બને તેટલું જલદી જોવા જવાની ઇચ્છા વ્યક્ત કરી તેથી સઘળું આયોજન ગોઠવાયું. હળવો વરસાદ વરસી રહ્યો હતો. 'સ્વામીશ્રી અક્ષરધામ જોવા પધારી રહ્યા છે...!' સમાચાર વાયુવેગે પ્રસરતાં માર્ગની બંને બાજુએ સ્વયંસેવકો અને હરિભક્તો દર્શન માટે ગોઠવાઈ ગયા. તે સૌને સ્નેહલ દૃષ્ટિથી મળતાં સ્વામીશ્રીએ જમીન, તેના પર થઈ રહેલાં કાર્યો નિહાળ્યા. સંતો-હરિભક્તોનાં સેવા-સમર્પણ, પ્રશ્નો અને ઉકેલો નીલકંઠસેવાદાસ સ્વામીએ જણાવ્યા. સ્વામીશ્રી અક્ષરધામના પોડિયમ પર પધાર્યા. અક્ષરધામના પ્રવેશદ્વારમાં જ ઈશ્વરચરણદાસ સ્વામીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજને ધરાવીને સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. અને ખૂબ આનંદથી કહે: 'આપના અક્ષરધામમાં આપનું સ્વાગત છે!' સ્વામીશ્રીના મુખ પર મધુર સ્મિત રેલાઈ રહ્યું. ત્યારબાદ અક્ષરવત્સલદાસ સ્વામી, શ્રીજી-સ્વરૂપદાસ સ્વામી અને સેવામાં જોડાયેલા સંતોએ અક્ષરધામનું એક એક અંગ દર્શાવી સમજાવ્યું. નકશા દ્વારા પણ દર્શાવ્યું. ઈશ્વરચરણદાસ સ્વામીએ યોગ્ય સમયે વિશેષ માહિતી આપી. સ્વામીશ્રીએ બધું જ રસપૂર્વક નિહાળ્યું, વિશેષમાં વિગત જાણીને જરૂર પડે ત્યાં માર્ગદર્શન અને નિર્ણય પણ આપ્યો.

ભગવાન સ્વામિનારાયણનાં સમગ્ર જીવન, કાર્ય અને સંદેશને અક્ષરધામમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે, તે જાણીને સ્વામીશ્રી ખૂબ રાજી થયા. પરમહંસોની મૂર્તિઓ નિહાળીને પણ સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થયા. અને વિશેષ પ્રમાણ આપતાં કહ્યું: 'પાંચે તત્ત્વ આવી ગયાં - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ!' વિદાય લેતાં કહે: 'આ મોટું મોટું જોઈએ તોય પાર ન આવે!' આમ, એક કલાક કરતાંય વધુ સમય સુધી 'અક્ષરધામ મુલાકાત' કરી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

## ■ 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ'નો મંગલ પ્રારંભ

તા. ૧૬-૭-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સ્વામિ-નારાયણ અક્ષરધામ મહોત્સવ'ના ઉપક્રમે 'ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન્સ'નો મંગલ પ્રારંભ કરતો સમારોહ યોજાયો હતો. સાથે સાથે સ્વયંસેવકોની સમર્પણ ભાવનાને બિરદાવતો આજનો આ સમારોહ વિશિષ્ટ અને અનન્ય હતો.

ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલા આ મંગલ અવસરના પ્રારંભમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. સ્વામીશ્રીના આગમનને ૧૬૦ જેટલા બાળ-યુવાઓએ *'આજ શુભ દિન આયો ધરા પર...'* કીર્તન પર નૃત્ય કરી વધાવ્યું હતું. ખૂબ ઉમંગભર્યું, જોશભર્યું અને અદ્‌ભુત ભક્તિનૃત્ય નિહાળી સૌનાં હૃદયમાં અહોભાવ છલકાઈ ઊઠ્યો. આ ૧૬૦ નૃત્યકારોમાંથી મોટા ભાગના અક્ષરધામની 'સાઈટ સેવા'ના સ્વયંસેવકો હતા! આખો દિવસ કઠોર પરિશ્રમ અને સેવા કર્યા પછી રાત્રે રાત્રે સમય મળ્યો તેમાં પ્રૅક્ટિસ કરીને તેમણે આ ભક્તિનૃત્ય રજૂ કર્યું હતું! સૌએ બુલંદ તાળીનાદથી તેઓની ભક્તિને વધાવી. નૃત્યની સમાપ્તિ બાદ વિવેકમૂર્તિદાસ સ્વામીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજને અને અક્ષરધામ નિર્માણનું સૂત્ર સંભાળી રહેલા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ મોતીના હારથી સ્વામીશ્રીને વધાવ્યા. આનંદ-સ્વરૂપદાસ સ્વામી, યજ્ઞવલ્લભદાસ સ્વામી વગેરે સંતોએ પુષ્પહારોથી ગુરુહરિને સત્કાર્યા. હારતોરા બાદ સ્વામીશ્રી સાથે સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યું.

પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે નોર્થ અમેરિકાની ધરતી પર રોબિન્સવિલ મહાનગરમાં નિર્માણ પામી રહેલા 'સ્વામિનારાયણ અક્ષરધામ'ના મહોત્સવનો આજથી ભવ્ય આરંભ થઈ રહ્યો હતો. આ મહોત્સવના ઉપક્રમે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ દીપ પ્રાગટ્ય કરીને 'ફેસ્ટિવલ ઓફ ઈન્સ્પિરેશન્સ'નો



સ્વામિનારાયણ અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે ઊજવાનાર વિવિધ ઉત્સવોને સમાવતા 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ'નો દીપ પ્રાગટ્ય કરીને મંગલ પ્રારંભ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી...

મંગલ પ્રારંભ કર્યો હતો. તે સાથે જ અક્ષરવત્સલદાસ સ્વામી લિખિત નૂતન કીર્તન 'सर सर अक्षरधाम की गंगा, स्वामिनारायण बास अभंगा... अक्षरधाम को करे वंदना...' પર યુવાવૃંદે જોમભર્યું નૃત્ય કર્યું હતું.

અક્ષરધામના મહિમાગાન બાદ હરિદર્શનદાસ સ્વામીએ સ્વયંસેવકોના સમર્પણની વાત કરી કે સ્વામીશ્રીની એક હાકલે ૧૦૦૦ જેટલા સ્વયંસેવકો લોંગટર્મ માટે બધું મૂકીને સેવામાં આવી ગયા. ખૂબ કપરી સ્થિતિમાં સેવા કરી. સમગ્ર નોર્થ અમેરિકામાંથી કુલ ૧૨,૫૦૦થી વધુ સ્વયંસેવકોએ ૧૫ દિવસ, ૧ મહિનો, ૨ મહિના સુધીના સમય માટેની સેવાઓ કરી છે. સાથે સાથે અહીં આસપાસ વસતા હરિભક્તોએ આ સ્વયંસેવકોને પોતાના ઘરે રાખવાની, જમાડવાની, સંભાળવાની ખૂબ મોટી જવાબદારી ઉપાડી લીધી હતી. આ પ્રકારની સેવા કરનાર હરિભક્તો-સ્વયંસેવકોને પોતાના સ્થાને સભામાં ઊભા કરવામાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્ન થઈ, તાળી વગાડતાં સૌ પર આશીર્દષ્ટિ કરી હતી. ખરેખર! અતુલ્ય સમર્પણ અને સંપ ભાવનાનાં દર્શન થયાં!

ઈશ્વરચરણ સ્વામીએ ખાસ આ અક્ષરધામ નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપનાર હર્ષદભાઈ ચાવડા અને પાંચ-છ વર્ષ યુરોપની ખાણોમાં ધામા નાંખીને, પથ્થર કઢાવવાની સેવામાં જોડાયેલા વિનોદભાઈને યાદ કરીને અંતરના ઉમંગથી વધાવ્યા. ભારતમાં રહી પથ્થરની ઘડાઈ કરનાર કારીગરથી માંડીને 'અક્ષરધામ નિર્માણ'ની સેવામાં જોડાયેલા તમામનો આભાર માનવામાં આવ્યો. સૌએ તાળીનાદથી તે આભાર પ્રદર્શિત કર્યો.

અક્ષરધામનો મહિમા ગાતાં અક્ષરવત્સલદાસ સ્વામીએ કહ્યુંઃ 'આ સ્વામિનારાયણ અક્ષરધામ એ યુગો પુરાણી આપણી ભવ્ય દિવ્ય અલૌકિક વૈદિક પરંપરાનું મૂર્તિમંત સ્વરૂપ છે! આ સ્વામિનારાયણ અક્ષરધામ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં એક મહાન અંજલિ છે! આ સ્વામિનારાયણ અક્ષરધામ એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં ચરણોમાં પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહંત સ્વામી મહારાજ દ્વારા અર્પણ થયેલી એક મહાન-ભવ્ય ભાવાંજલિ છે. આ સ્વામિનારાયણ અક્ષરધામ એ તમામ ઋષિઓ, તમામ સંતો, તમામ ભક્તો અને તમામ



'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ'ના મંગલ પ્રારંભે યોજાયેલા શાનદાર સમારોહમાં ૧૬૦ સ્વયંસેવક યુવાનોએ સભામંચ પર ભક્તિનૃત્ય દ્વારા એક નૂતન રંગત જમાવીને આ અનોખા અવસરને અંતરના આનંદથી વધાવ્યો...

મહાપુરુષોનાં ચરણોમાં એક વિનમ્ર અંજલિ છે. આ સ્વામિનારાયણ અક્ષરધામ એ સાક્ષાત્ ગુણાતીતનું સ્વરૂપ છે.

અક્ષરધામને મહિમાવચનોથી નવાજ્યા બાદ સ્વામીશ્રીએ સૌ પર આશીર્વચનોની અમીવૃષ્ટિ કરતાં જણાવ્યું: ''આજથી અક્ષરધામ મહોત્સવની શરૂઆત થાય છે. આ યુવકોએ જે નૃત્ય કર્યું તેમને ધન્યવાદ! કેમ કે આખો દિવસ કાર્યરત હોય ને પછી પ્રૅક્ટિસ કરવાની! એમનો થનગનાટ જોયો, અક્ષરધામ મહોત્સવના ઉદ્‌ઘાટનના આનંદમાં ખૂબ બળિયો ફાળો એમણે આપ્યો.

શ્રીજીમહારાજની કૃપા, પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને સંતો-ભક્તોની સેવાથી આ અક્ષરધામ તૈયાર થયું છે. તેથી તે સૌને અનંતકાળ સુધી પ્રેરણા આપતું રહેશે. આ બધું સાચું છે, દેખાવ નથી. બધાએ પ્રાણ રેડ્યા છે!

અક્ષરધામનો આ ઉત્સવ આપણી મહત્તા વધારવા, પ્રસિદ્ધિ મેળવવા નથી, પણ સૌને મૂલ્યોની પ્રેરણા મળે તે માટે છે. જો આપણું જીવન સદ્‌ગુણોવાળું હશે તો આપણે સૌના પ્રીતિપાત્ર, આદરપાત્ર અને વિશ્વાસપાત્ર બનીશું. દિવ્ય ભવ્ય જીવન જીવવાની પ્રેરણા મળે એ આ અક્ષરધામ છે.

પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો અને એ બધા ભક્તોએ ઝીલી લીધો. અને ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું ન્યોછાવર કરીને આ અક્ષરધામ તૈયાર કર્યું છે. અક્ષરરૂપ થવાની અને અક્ષરમુક્તોની પંક્તિમાં ભળી જવાની પ્રેરણા આપતું આ અક્ષરધામ છે. જેમ પાણીથી છોડ વધે તેમ સત્સંગથી જીવનમાં સદ્‌ગુણો આવે છે. આવા સત્સંગનો લાભ આ ઉત્સવમાં રોજ મળશે. માટે સૌએ બધી જ સભાનો લાભ લેવો. જે સાંભળીએ તેને આચરણમાં મૂકવા પ્રયત્ન કરવો. તો જ કામ થાય. તો જ સત્સંગ કર્યો કહેવાય.

આપણો આ ઉત્સવ મહારાજ-સ્વામીની દયાથી નિર્વિઘ્ને પૂરો થશે. એ બધા જોઈ રહ્યા છે, ક્ષણે ક્ષણ - આપણા ઉત્સાહ ને ભાવના ભવ્ય છે તે! આપણને બધાને શંકા જાય છે કે - આ શું થશે? આમ થશે! પણ બધું નિર્વિઘ્ને પૂરું થશે ને ચારે બાજુ જયજયકાર થઈ જશે. બધાને ખૂબ આનંદ અને પ્રેરણા મળશે. ઇન્સ્પિરેશન ઇન્સ્પિરેશન ઇન્સ્પિરેશન! આપણા હૃદયની બધી ભાવના બહાર આવશે

ને આ મહોત્સવ કાર્યરત થશે, આનંદ આનંદ થશે!''

સ્વામીશ્રીએ અદ્ભુત આશીર્વાદ આપ્યા. સૌને ખરેખર આનંદ આનંદ થઈ ગયો. સૌના અંતરનો ઉમંગ-ઉત્સાહ અનેકગણો વધી ગયો.

અક્ષરધામ નિર્માણમાં સમયે સમયે મદદરૂપ થયેલા રોબિન્સવિલના મેયરશ્રી, પોલીસ અધિકારીઓ વગેરેનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવ્યો.

આજના સમારોહનો લાભ લેવા માટે ૧૧,૦૦૦થી વધુ ભક્તો ઊમટ્યા હતા. ૬૫૦૦ની ક્ષમતા ધરાવતો સભામંડપ તો ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો, તેથી શેષ ભક્તોને 'પ્રમુખ હૉલ'માં બેસાડવામાં આવ્યા હતા. સ્વામીશ્રી ખાસ તે સૌને પ્રત્યક્ષ દર્શન આપવા પધાર્યા. તે સૌએ તાળીનાદથી સ્વામીશ્રીની કૃપાને વધાવી હતી.

● તા. ૧૮-૭-૨૦૨૩: આવતા વરસે, ફેબ્રુઆરી ૨૦૨૪માં અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠા થવાની છે. તે નિમિત્તે 'ફેસ્ટિવલ ઓફ હાર્મની' નામે તૈયાર થયેલી એપ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આજે સ્વામીશ્રીના હસ્તે ઉદ્ઘાટિત કરાવી હતી. પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદથી, આજથી અક્ષરધામ મહોત્સવ નિમિત્તે 'રક્તદાન યજ્ઞ'નો પણ શુભારંભ થયો હતો.

## ■ સ્વામિનારાયણ મહાયજ્ઞનો પ્રારંભ કરતા સ્વામીશ્રી...

યજ્ઞ એ આપણી વેદકાલીન પવિત્ર પરંપરા છે. પૂર્વે ઋષિમુનિઓ યજ્ઞજ્યોતિમાં આહુતિ આપતા, યજ્ઞની ધૂમ્રસેરો વાતાવરણને પવિત્ર કરતી. ભગવાન સ્વામિનારાયણે આ યજ્ઞપરંપરાને વિશેષ ઉત્તેજન આપ્યું. ગુણાતીત ગુરુવર્યો આ પ્રાચીન યજ્ઞીય સંસ્કૃતિને માત્ર ભારતમાં જ નહીં, પરદેશમાં પણ પોષી રહ્યા છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાઈ રહેલા તમામ મહાયજ્ઞો યજ્ઞપરંપરાને પોષણ આપનારા એક સીમાચિહ્ન સમાન બની રહ્યા છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અમેરિકાની ધરા પર રોબિન્સવિલ ખાતે રચાઈ રહેલા સ્વામિનારાયણ અક્ષરધામના મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ભારતીય વૈદિક પરંપરા અનુસાર એક વિરલ મહાયજ્ઞ યોજાયો છે. સતત અઢી મહિના સુધી ચાલનારા આ મહાયજ્ઞમાં પ્રાંત અનુસાર નિત્ય સેંકડો ભાવિક ભક્તો યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને અક્ષરધામ મહોત્સવની ઉજવણીમાં સંમિલિત થઈ રહ્યા છે.

સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરની ભૂમિ પર રચાયેલી 'પ્રમુખસ્વામી મહારાજ યજ્ઞશાળા'માં યોજાઈ રહેલો આ મહાયજ્ઞ અત્યાર સુધીમાં થયેલા યજ્ઞો પૈકીનો સુદીર્ઘ યજ્ઞ છે.

તા. ૧૯-૭-૨૦૨૩ના શુભદિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ યજ્ઞનો પ્રારંભ કરવા માટે યજ્ઞશાળામાં પધાર્યા. તે પૂર્વે માંગલિક મુહૂર્તમાં સવારે ૯:૦૦ વાગ્યાથી યજ્ઞવિધિ આરંભાઈ ચૂક્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂર્વવિધિ દરમ્યાન તમામ સ્થાપિત દેવોનું પૂજન કર્યું. ત્યારબાદ ઉત્તરાર્ધ વિધિને અનુસરતા સ્વામીશ્રીએ સૌપ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજે જે સુવર્ણરંગી અક્ષરપુરુષોત્તમ મહારાજમાં પ્રાણોની પ્રતિષ્ઠા કરી હતી તેનું સ્વામીશ્રીએ પૂજન કર્યું.

સમગ્ર વિધિનું સંચાલન શ્રુતિપ્રકાશદાસ સ્વામી કરી રહ્યા હતા. મૂકેશભાઈ શાસ્ત્રી અને વિપુલભાઈ શાસ્ત્રી વિધિમંત્રનો નાદ કરી રહ્યા હતા. તેઓએ આ યજ્ઞના આરંભ નિમિત્તે શુભ સંકલ્પો કર્યા.

તા. ૨૫ જૂન ૨૦૨૩, અષાઢ શુક્લ સપ્તમીની શુભ તિથિએ સ્વામીશ્રીએ સ્વહસ્તે સૂર્યમાંથી જે અગ્નિ પ્રજ્વલિત કર્યો હતો અને તેમાંથી દીપ પ્રગટાવ્યો હતો તેનું તેઓએ પૂજન કર્યું. બરાબર ૧૧:૪૩ વાગે તે દીપમાંથી અગ્નિ લઈ કાષ્ઠમાં પધરાવ્યો. તે દિવ્ય અગ્નિ બરાબર ૧૧:૪૪ વાગે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ મુખ્ય યજ્ઞકુંડમાં સ્થાપ્યો! તે સાથે જ બુલંદ જયઘોષ ગુંજી ઊઠ્યો. સ્વામીશ્રી અને ઉપસ્થિત સૌએ અગ્નિદેવને વંદન-પ્રણામ કર્યા. સ્વામીશ્રીએ તમામ સ્થાપિત દેવોનું પૂજન કર્યું.

બરાબર ૧૧:૪૮ વાગે સ્વામીશ્રીએ નિજ અક્ષરપુરુષોત્તમ મહારાજસહ આ તમામ દેવો અને યજ્ઞનારાયણની આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પી. યજ્ઞમાં બેસનાર તમામ ભક્તો પર આશીર્વાદ રૂપે વરસાવવાના અક્ષત પ્રાસાદિક કર્યા. યજ્ઞમાં બેસનાર પ્રત્યેક યજમાનને સ્મૃતિરૂપે આપવાની અક્ષરધામની પ્રતિકૃતિ સહિતની ભેટો પ્રસાદીની કરી.

આજના શુભ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ પ્રમાણે આ મહા મહા યજ્ઞ થાય છે. પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ હતો



અક્ષરધામ મહોત્સવના ઉપક્રમે યોજાનાર સતત અઢી મહિનાનો સુદીર્ઘ મહાયજ્ઞનો પ્રારંભ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, જેમાં હજારો ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ લઈને વૈદિક આહુતિઓ અર્પણ કરી...

એને લીધે આ સંકુલ ઊભું થયું છે. અને હજુ તો કેટલું બધું થશે! વધતું જશે, વધતું જશે. જેમ મત્સ્યાવતાર વધ્યો એવી રીતે વધશે.

જેટલા યજમાનો થાય તે બધા તને-મને-ધને સુખી થાય એ ખાસ યજ્ઞનો હેતુ છે. પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પાછો ના પડે, એ વધતો જશે અને તમે બધા યજમાનો ભક્તો છો, તમારા હૃદયમાં ભક્તિ છે. એ બધાને લીધે આ સંકુલ જબરજસ્ત ઊભું થયું છે. એનો પડઘો તો પડશે પડશે ને પડશે. ચારેબાજુ આનંદ આનંદ આનંદ છવાઈ રહ્યો છે. બધાના અંતરમાં ખૂબ આનંદ છે. બધા સુખી થાય એ તો યજ્ઞનો હેતુ છે, પણ ખાલી સુખી થાય એવું નહીં, મોક્ષ! આ અક્ષરધામ ખાલી દેખાવ માટે નથી. જે આવશે એને ખબર હોય કે ના હોય પણ એ આધ્યાત્મિકતા લઈને જ જશે.

ટૂંકમાં, જીવ-પ્રાણીમાત્ર બધાને આનંદ આનંદ થાય એવો આ યજ્ઞ છે. પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે બધું જ થાય છે. એટલે બસ, આનંદ આનંદ!''

સ્વામીશ્રીએ વિદાય લેતાં પૂર્વે ઈશ્વરચરણદાસ સ્વામીને બે શબ્દો



બોલવા કહ્યું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી ઊભરાતાં હૈયે કહેઃ 'આ યજ્ઞ સામાન્ય નથી. અક્ષરધામ મહોત્સવ અને પ્રતિષ્ઠા નિમિત્તે આરંભાઈ રહ્યો છે. મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ જ દર્શન-આશીર્વાદ આપી રહ્યા છે. ખૂબ ધામધૂમથી પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે આ દિવ્ય અક્ષરધામમાં પ્રતિષ્ઠા થાય. વિશ્વના મનુષ્યો દર્શને આવે. નાનાં મોટાં તમામ વિઘ્નો દૂર થઈ જાય અને નિઃશંકપણે આપણે ઉત્સવ ઊજવીએ એ જ પ્રાર્થના.' ત્યારબાદ તેઓએ સ્વયંસેવકોના સમર્પણની સ્મૃતિ કરીને તેઓની સેવાઓને બિરદાવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી યોજાયેલો આ



અક્ષરધામ પરિસરમાં ૪૯ ફૂટ ઊંચી તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની વિશાળકાય મૂર્તિના પૂજન વેળાએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી નીલકંઠના ભાલે ચંદનઅર્ચા કરી શ્રી નીલકંઠ વર્ણીને ભક્તિપૂર્વક વધાવ્યા...

યજ્ઞ પ્રાચીન ભારતીય પરંપરાનો એક અદ્વિતીય અધ્યાય બની રહેશે.

## ■ તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીનો પૂજનવિધિ કરતા સ્વામીશ્રી...

તા. ૨૪-૭-૨૦૨૩નો દિન રોબિન્સવિલની ધરા પર એક ઐતિહાસિક અવસરને લઈને ઉદય પામ્યો હતો. એ અવસર હતો - તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીના પૂજનવિધિનો.

પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ રોબિન્સવિલ ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં ૪૯ ફૂટ ઊંચી શ્રી નીલકંઠ વર્ણીની ધાતુમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મૂર્તિનો આજે સ્વામીશ્રીના હસ્તે પૂજનવિધિ યોજાયો હતો.


સાયંકાળે બરાબર ૭:૧૫ વાગે સ્વામીશ્રી પૂજનવિધિ માટે 'નીલકંઠ વાટિકા'માં પધાર્યા. સ્વામીશ્રીના આવવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં આખીય વાટિકા હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ચૂકી હતી. સ્વામીશ્રીએ સૌપ્રથમ શ્રી નીલકંઠ વર્ણીના 'ભારત વિચરણ'ના ધાતુમાંથી અંકિત વિશાળ નકશાની વિશેષતાઓ જાણી. શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ તેની વિશેષ વિગતો સમજાવી. અહીં ફ્લોરિંગમાં, મધ્યસ્થાને વહેતી નદી હોય તેવી ભાત પાડવામાં આવી છે. આમાં નદીની સાથે નદીમાં રહેતાં હોય તેવાં જળચર પ્રાણીઓ બનાવ્યાં છે. શ્રી નીલકંઠ વર્ણીના પાવન સાંનિધ્યથી ભારતની જે જે નદીઓ પ્રસાદીભૂત થઈ તે તમામનાં નામ આ નદીની બંને બાજુ અંકિત છે.

નીલકંઠ વાટિકાની બંને તરફ મળીને કુલ ૧૪ શિલાલેખ છે. જેમાં શ્રી નીલકંઠ વર્ણીની સમગ્ર યાત્રાની મુખ્ય વિશેષતાઓ અંકિત કરવામાં આવી છે. જેના દ્વારા શ્રી નીલકંઠ વર્ણીનો મહિમા ઉજાગર થાય છે. અહીં દર્શનાર્થે પધારતા સૌ કોઈ શ્રી નીલકંઠ વર્ણીનાં દર્શન-પ્રદક્ષિણા કરીને અંતરમાં શાંતિ અનુભવે છે. ગુણભાવીઓ પણ નીલકંઠ વર્ણીની જેમ તપોમુદ્રા કરીને ભક્તિનો આનંદ લે છે! શ્રી નીલકંઠ વર્ણી સુધી પહોંચે તે માટે અહીં સૌ

અગરબત્તીથી ધૂપ-અર્ઘ્ય અર્પે છે, સ્વામીશ્રીએ પણ અગરબત્તી હાથમાં ગ્રહી શ્રી નીલકંઠ વર્ણીની આરતી ઉતારતા હોય તેમ ફેરવી. અને ‘જે જે અહીં અગરબત્તી કરીને નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરે તે બધાની પ્રાર્થના ભગવાન સાંભળે અને તેઓને ખૂબ સુખી કરે’ તેવા શુભાશિષ અર્પ્યા.

હવે સ્વામીશ્રી વિશાળકાય ક્રેનની ભુજામાં સુંદર બેઠકમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે બિરાજી શ્રી નીલકંઠ વર્ણીના મુખારવિંદ સુધી પહોંચ્યા. સૌના રોમાંચ અને આનંદનો પાર નહોતો. આ બધું કલ્પનાતીત હતું. અદ્‌ભુત, ભવ્ય, દિવ્ય હતું! પૂજનનો આરંભ કરતાં સ્વામીશ્રીએ પ્રથમ શ્રી નીલકંઠ વર્ણીના ભાલે ચાંદલા પર ચંદનનો ચાંદલો કર્યો. અક્ષત ચોડ્યા! આ દરમ્યાન શ્રુતિપ્રકાશદાસ સ્વામી વૈદિકવિધિ અનુસાર મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ જમણા હસ્તની ચાર આંગળીઓ ચંદનમાં બોળી શ્રી નીલકંઠ વર્ણીના અતિ વિશાળ ભાલ પર અર્ચા-રેખાઓ કરી. ખરેખર! અલૌકિક, અદ્વિતીય દર્શન હતાં. તેમાંય સંધ્યાકાળનો સમય, આહ્‌લાદક વાતાવરણ અને સંતોના મુખે ગવાતાં શ્રી નીલકંઠ વર્ણીના સ્તોત્ર અનુભૂતિને કાંઈક જુદી જ કક્ષાએ પહોંચાડી રહ્યા હતા. સૌ આનંદ, ધન્યતા અને અહોભાવ અનુભવી રહ્યા હતા. અર્ચા બાદ સ્વામીશ્રીએ મિષ્ટાન્ન-મીઠાઈનો થાળ ભક્તિપૂર્ણ હૃદયે ઈષ્ટદેવને ધરાવ્યો. થાળમાંથી એક કાજુકતરી લઈને શ્રી નીલકંઠ વર્ણીના મુખમાં જમાડી! જળપાન કરાવ્યું. સ્વામીશ્રીની પરાભક્તિનાં દર્શન સહેજે સહેજે થઈ રહ્યાં હતાં.

સ્વામીશ્રીની ઈચ્છાનુસાર હવે લિફ્ટને શ્રી નીલકંઠ વર્ણીના વક્ષ:સ્થળ





પાસે લઈ જવામાં આવી. સ્વામીશ્રીએ પોતાના બંને હસ્ત વહાલપૂર્વક વક્ષ:સ્થળે સ્પર્શ કરીને જાણે પુનઃ પ્રાણોનું આવાહ્‌ન કર્યું. કંઠીને પણ સ્પર્શ્યા. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ પ્રતિષ્ઠા-મંત્રોનું ગાન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ જમણા ચરણ પાસે પધારી તેનું પૂજન કર્યું અને પુષ્પ પધરાવ્યું.

સ્વામીશ્રી પીઠિકા પર પધાર્યા. શ્રી નીલકંઠ વર્ણી ડાબા ચરણ ઉપર ઊભા છે. આ ચરણનું પૂજન કરવાની સ્વામીશ્રીની ઇચ્છા હતી, પણ તેઓને એટલું વળીને પૂજન કરવામાં તકલીફ પડે એમ હતું, તેથી તેઓ વતી આનંદસ્વરૂપદાસ સ્વામીએ પૂજન કર્યું, અક્ષત પધરાવ્યા. સ્વામીશ્રીથી રહેવાયું નહીં એટલે તેઓએ એકદમ નમીને શ્રી નીલકંઠ વર્ણીનાં ચરણ સ્પર્શ કર્યા, પુષ્પ પધરાવ્યું. આમ, સ્વામીશ્રીએ શ્રી નીલકંઠ વર્ણીનું નખથી શિખાપર્યંત પૂર્ણ પૂજન કર્યું હતું.

પૂજનવિધિ બાદ સ્વામીશ્રી પીઠિકા પર અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ બિરાજ્યા. બરાબર પાર્શ્વભૂમાં ભવ્ય-દિવ્ય અક્ષરધામ શોભી રહ્યું હતું. આજની એક એક ક્ષણ દિવ્યાતિદિવ્ય, અલૌકિક અને અજોડ હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. અહીં એક દિવ્ય સ્મૃતિ આપતાં સ્વામીશ્રી બાહુપાશ ફેલાવીને અક્ષરધામના નિર્માણનું સૂત્ર સંભાળી રહેલા પૂજ્ય ઈશ્વચરણદાસ સ્વામીને ખૂબ પ્રેમથી ભેટ્યા. અક્ષરધામ ઉદ્‌ઘાટન બાદ પ્રમુખસ્વામી મહારાજ



જે રીતે, જે રાજીપાથી ઈશ્વરચરણદાસ સ્વામીને ભેટ્યા હતા, બસ એ જ રીતે! અદ્‌ભુત અદ્‌ભુત અદ્‌ભુત દૃશ્ય હતું! પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ પ્રકલ્પ પૂરો કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવી હતી અને સ્વામીશ્રીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

હવે ક્ષણ હતી દર્શન માણવાની. સંગીતજ્ઞ સંતો-સાધકોએ ‘શ્રી સ્વામિનારાયણ ચરિતમાનસ’માં વર્ણિત શ્રી નીલકંઠ વર્ણીનાં સ્વરૂપનું ગાન કર્યું. તે દરમ્યાન સ્વામીશ્રી નેત્ર મીંચી, હાથ જોડી પ્રિય શ્રી નીલકંઠ વર્ણીના ધ્યાનમાં સરી ગયા. તેઓ શ્રી નીલકંઠ વર્ણીનાં ચરણમાં જ વિરાજમાન હતા, માથે પાઘ અને કંઠે હાર શોભી રહ્યાં હતાં. હાથ જોડેલા હતા અને નેત્રો મીંચેલાં, નીલકંઠ વર્ણીનાં નેત્રોની જેમ જ! સ્વામીશ્રીની બાજુમાં જ અક્ષરપુરુષોત્તમ મહારાજ દર્શનદાન દઈ રહ્યાં હતાં. સૌ આ



દિવ્ય દર્શનથી કૃતાર્થ થયાં.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી કહે: 'આજે નીલકંઠ વર્ણીની ખરી પ્રતિષ્ઠા થઈ, કારણ કે સ્વામીશ્રીના હસ્તે ષોડશોપચારે પૂજન થયું!' પ્રવક્તા અક્ષરવત્સલદાસ સ્વામીએ સુંદર સુયોગની વાત કરતાં કહ્યું: 'નીલકંઠ વર્ણી શ્રાવણ સુદ ૬ની તિથિએ લોજ પધાર્યા હતા અને આજે એ જ તિથિ છે! એટલે સ્વામીશ્રીએ જાણે નીલકંઠ વર્ણીનું લોજમાં સ્વાગત કર્યું હોય તેવો સુભગ સમન્વય સધાયો છે.' વિશેષમાં કહ્યું, 'આજે ખાસ પ્રાર્થના અને ધૂન કરવી છે કે અક્ષરધામની પ્રાણ-પ્રતિષ્ઠા આખા વિશ્વમાં ડંકો વાગે એવી સર્વોપરી થાય. હજારો વર્ષો સુધી અને યુગો સુધી અહીં શ્રદ્ધાળુઓ આવશે. તો જે કોઈ શ્રદ્ધાપૂર્વક અહીં દર્શન-પ્રણામ કરે તે બધાના શુભ મનોરથો પૂર્ણ થાય.' સ્વામીશ્રીએ બે હાથ ઊંચા કરી શુભાશિષ અર્પ્યા.

આજે શ્રી નીલકંઠ વર્ણીની ખરી પ્રતિષ્ઠા થઈ. વિષયક 'દયાશિષ' અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''પૂર્વે નીલકંઠ વર્ણીની તમે બધાએ જાત્રા કરી, પ્રદક્ષિણા કરી, બધું જે કાંઈ કર્યું એ બધું એઝ ઈટ ઈઝ શ્રીજીમહારાજે સ્વીકાર્યું છે. એમાં ફેરફાર નહીં. અમે તો નીલકંઠ વર્ણી માટે અતિ પ્રેમ હતો એટલે આ વિધિ કરી. પણ બાકી તો તમે જે બધું કર્યું છે એ નકામું નહીં જાય.'' સૌએ સાનંદ સ્વામીશ્રીની કૃપા તાળીઓની વર્ષાથી વધાવી.

આશીર્વાદની સમાપ્તિ બાદ અક્ષરવત્સલદાસ સ્વામી કહે: 'બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે પીપળા પર ચઢીને પશ્ચિમ તરફ દૃષ્ટિ કરી હતી, તે ખાલી ગુજરાત તરફ નહીં, પરંતુ હવે એમ લાગે છે કે તેમની એ દૃષ્ટિ છેક પશ્ચિમમાં છેક અમેરિકા સુધી લંબાઈ હતી. એમ અનુભવાય છે કી તેઓને પૃથ્વીના પશ્ચિમ છેડે અહીં પણ વિરાજવું હતું. તે સંકલ્પ સાથે તેઓ નીલકંઠ વર્ણીરૂપે નીકળ્યા, તે સંકલ્પ આજે પરિપૂર્ણ થયો!'

આજના અવસરનો અંતિમ વિધિ હતો - આરતીનો. વાટિકાના મધ્યસ્થાને રચવામાં આવેલા મંચ પર પધારીને સ્વામીશ્રીએ શ્રી નીલકંઠ વર્ણીનાં દર્શન કરતાં આરતી ઉતારી. સાથે સંતો, પૂજારી હરિભક્તો પણ આરતીમાં જોડાયા. ઘણું મોડું થઈ ચૂક્યું હતું તેમ છતાં પણ સ્વામીએ, શ્રી નીલકંઠ વર્ણીની પ્રદક્ષિણા કરીને અંતરનો ભક્તિભાવ અદા કર્યો હતો. આજના અલૌકિક અવસરનો લાભ પ્રાપ્ત થતાં સૌનાં હૈયાં સંતૃપ્ત થયાં હતાં.

સ્વામીશ્રીની આ વખતની 'અક્ષરધામ યાત્રા'ના સૌથી યાદગાર દિવસોમાંનો એક આજનો દિવસ ખરેખર ઐતિહાસિક અને અનેક સ્મૃતિઓ સાથે સંપન્ન થયો હતો.

# ફ્રાન્સની રાજધાની પેરિસમાં નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણને ભારતના વડાપ્રધાનશ્રીએ બિરદાવ્યું...






પ્રતિવર્ષે ૧૪ જુલાઈના રોજ ફ્રાન્સ પોતાના રાષ્ટ્રીય તહેવાર તરીકે 'બેસ્ટિલ ડે'ની ઉમંગભેર ઉજવણી કરે છે. આ વર્ષે ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમૈનુએલ મૈક્રોને આ સમારોહની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સામેલ થવા નિમંત્રિત કર્યા હતા. આ ઉપક્રમે તા. ૧૩-૭-૨૦૨૩ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ફ્રાન્સ પધાર્યા હતા. તે દિવસે તેઓએ અહીં વસતા ભારતીયો સાથે એક સંપર્ક કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાનિક અગ્રેસર હરિભક્તો અને વિવિધ સમાજ અને સંપ્રદાયોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન સમક્ષ બી.એ.પી.એસ.ના અગ્રણી હરિભક્તોએ અહીં પેરિસમાં સૅન્ટ જ્યોર્જીસના એસપ્લાનેડ ડેસ રિલિજિયન્સ એટ ડેસ કલ્ચર્સ કેન્દ્ર ખાતે રચાઈ રહેલા પંચશિખરયુક્ત કલાત્મક મંદિર-સંકુલના 3ડી મોડેલનું પ્રેઝન્ટેશન અને સ્થાપત્ય યોજનાની ઝાંખી પ્રસ્તુત કરી હતી. વડાપ્રધાનશ્રીએ મંદિરનાં સઘળાં પાસાંઓની ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. સ્વયંસેવકોએ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ફ્રાન્સમાં ગતિમાન આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. ભારતીય સંસ્કૃતિ, સંવાદિતા અને અખંડિતતાની યશોગાથા ગાતા યુરોપના આ પ્રથમ મંદિરની ગૌરવપ્રદ વિશિષ્ટતાઓ જાણીને વડાપ્રધાન ખૂબ રાજી થયા હતા.

વડાપ્રધાનશ્રી આ મંદિરની પ્રોજેક્ટ ટીમના આર્કિટેક્ટ શ્રી આર્ટ ચાર્પેન્ટિયર અને મૅનેજિંગ ડિરેક્ટર એન્ડુ હોબ્સન તથા પ્રોજેક્ટ મૅનેજર નાહલા જોજ-લેગ્રાન્ડને પણ મળ્યા હતા. વડાપ્રધાનશ્રીએ હોબ્સનને કહ્યું હતું કે ''આ પ્રોજેક્ટ આજે ફ્રાન્સમાં સૌથી મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક પ્રોજેક્ટ પૈકીનો એક છે. કારણ કે તે ભારત અને ફ્રાન્સના લોકોને વધુ નજીક લાવશે.'' પ્રોજેક્ટ ટીમના અન્ય સ્થાનિક સભ્યોએ પણ આ ઐતિહાસિક કાર્યમાં ભાગીદાર થવા બદલ ગૌરવની લાગણી અનુભવી હતી. આ મંદિરના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી દીપભાઈ પટેલે કહ્યું: 'આ મંદિર ભારત અને ફ્રાન્સ વચ્ચે પાંગરી રહેલી મિત્રતાને વધુ પરિપોષિત કરવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરશે. આજે આ મંદિર પ્રૉજેક્ટમાં વડાપ્રધાનશ્રીએ વિશેષ પ્રેરણા સીંચી છે.'

વડાપ્રધાનશ્રીએ વિશ્વભરમાં શાંતિ, સંસ્કાર, સંવાદિતા અને સમન્વયનો સંદેશો પ્રસરાવવાનું ભગીરથ કાર્ય કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વંદના કરીને, ભારત અને ફ્રાન્સ વચ્ચે સંવાદિતાના સેતુ સમાન આ મંદિરની ભેટ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ◆

# દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતાઓનું પ્રતિનિધિ મંડળ...





નવી દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાતે તા. ૧૫ અને ૧૭-૮-૨૦૨૩ના રોજ અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતાઓ અને કોંગ્રેસમેન (સાંસદ) માઈકલ વોલ્ટ્ઝ, ડેબોરાહ રોસ, રોહિત ખન્ના, કેટ કેમેક, એડ કેસ અને રિચ મેકકોર્મિક તથા તેમની સાથે દ્વિપક્ષીય કોંગ્રેશનલ કોકસ ઓન ઇન્ડિયા એન્ડ ઇન્ડિયન અમેરિકન્સના સહ-અધ્યક્ષોની આગેવાની હેઠળ યુ.એસ. કોંગ્રેશનલ પ્રતિનિધિ મંડળ પધાર્યું હતું.

કોંગ્રેસમેનનું સ્વાગત બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ અને કોંગ્રેસવીમેનનું સ્વાગત મહિલાપાંખનાં અગ્રણી બહેનોએ કર્યું હતું. ત્યારબાદ ભારતીય અસ્મિતાના ગૌરીશિખર સમા અક્ષરધામની સ્થાપત્યકળાને નિહાળી સૌએ ભારતીય સંસ્કૃતિનાં વૈશ્વિક આધ્યાત્મિક મૂલ્યોની સમજ પણ મેળવી હતી. સ્થાપત્યના કણે કણમાંથી સ્ફુટ થતી વૈશ્વિક શાંતિની ભારતની ભાવનાને હૃદયસ્થ કરીને સૌએ વિશ્વશાંતિ અને સૌહાર્દની પ્રાર્થના સાથે શ્રી નીલકંઠ વર્ણીની મૂર્તિ પર જલાભિષેક કર્યો હતો. સૌએ ભારતના સમૃદ્ધ વારસાનું દર્શન કરાવતા નૌકા વિહારમાં હજારો વર્ષના સમૃદ્ધિ સભર ઇતિહાસને મન ભરીને માણ્યો હતો. તેમજ વિશ્વ પ્રસિદ્ધ વૉટર શોને પણ નિહાળ્યો. મનભરીને અક્ષરધામની દિવ્ય સૃષ્ટિને માણીને અભિભૂત થયેલા પ્રતિનિધિ મંડળે ભારતીય કળા અને નજાકત દર્શાવતા નકશીકામની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી.

શ્રી રોહિત ખન્નાએ કહ્યું: 'અક્ષરધામના સંચાલકો અને સ્વયંસેવકોએ અમારું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું અને ભારતીય પરંપરા મુજબ અમને સન્માનિત કર્યા તેનો અમને આનંદ છે. આ મુલાકાતે આપણાં રાષ્ટ્રો વચ્ચેની મિત્રતાને વધુ ગાઢ બનાવી છે. અમે સાંસ્કૃતિક આદાન પ્રદાનના મહત્ત્વને હૃદયપૂર્વક સ્વીકાર્યું છે.'

શ્રી માઈકલ વોલ્ટ્ઝે કહ્યું: ''આ મુલાકાત એક અવિશ્વસનીય અનુભવ છે, જેણે ભારતની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા પ્રત્યેની અમારી સમજને વધુ વિશાળ બનાવી છે. પવિત્ર ધાર્મિક વિધિઓમાં અમને સામેલ કરીને અમારાં મન-હૃદય ઉપર ચિરંજીવી છાપ અંકિત કરી છે.'

શ્રી એડ કેસે કહ્યું: 'અક્ષરધામની અમારી મુસાફરી મનમોહક રહી. કળા નીતરતા નકશીકામ અને આધ્યાત્મિકતાને રજૂ કરતી સંસ્કૃતિએ અમારાં અંતરને ઝકઝોળી નાખ્યાં છે. ખરેખર! આ બધું પ્રેરણાદાયી છે.'

શ્રી રિચ મેકકોર્મિકે કહ્યું: 'અમારી આ મુલાકાતથી સાંસ્કૃતિક આદાન-પ્રદાન વધુ સરળ અને સમજદારીથી ભરેલું હશે. અક્ષરધામ ભારતના સાંસ્કૃતિક વારસાને આબેહૂબ પ્રતિબિંબિત કરે છે.' ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ક્લીવલેન્ડ ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



અમેરિકામાં ક્લીવલેન્ડ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧-૯-૧૯૯૬ના રોજ બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. ત્યારબાદ સમયના વહેણની સાથે આ મંદિરમાં કેટલાક નૂતન પ્રકલ્પો પણ ઉમેરાતા રહ્યા. તાજેતરમાં સ્વામીશ્રીના આશીર્વાદથી ક્લીવલેન્ડ મંડળના ભક્તોએ અથાક સેવા કરીને મંદિર પરિસરનો વિસ્તાર કરીને સંકુલનું નવીનીકરણ અને વિશેષ સુવિધાયુક્ત બનાવ્યું છે. તે અંતર્ગત તા. ૨૮-૫-૨૦૨૩ના રોજ શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિનો પ્રતિષ્ઠાવિધિ આ મંદિરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કર્યો હતો. તે ઉપક્રમે આ મંડળ દ્વારા ત્રિદિવસીય ભક્તિસભર કાર્યક્રમ યોજાયા હતા. ◆

## એડિલેઈડ ખાતે યોજાયું કાર્યકર સંમેલન-૨૦૨૩



સ્વામીશ્રીના આશીર્વાદથી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનાં કુલ ૩૨ કેન્દ્રોમાં ૬૦૦થી વધુ સેવારત બાલ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી અને સંયુક્તમંડળના કાર્યકરોનું સંમેલન એડિલેઈડ મંદિરમાં તા. ૬ થી ૯ જુલાઈ દરમ્યાન યોજાયું હતું. 'નિષ્ઠા, નિયમ, નમ્રતા' વિષયક આ સંમેલનની શરૂઆત ટોરન્ટોથી સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય અને આશીર્વાદ પાઠવીને કરી હતી. વિદ્વાન સંતોના મધ્યવર્તી વિચારને દૃઢાવતાં વ્યાખ્યાનો અને તેને પુષ્ટ કરતા સ્વામીશ્રીના વીડિયો આશીર્વાદ સાથે સાથે પ્રશ્નોત્તરી, ગ્રૂપચર્ચા, ગોષ્ઠિ વગેરે વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ દ્વારા કાર્યકરોએ સેવા અને સત્સંગના વિશેષ પાઠ દૃઢ કર્યા હતા. ◆

## એશિયા પેસિફિક દેશોમાં યોજાઈ સત્સંગ શિબિર-૨૩




પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તા. ૧ થી ૧૦ જૂન દરમ્યાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનાં ૧૬ સત્સંગકેન્દ્રોમાં 'સાધના' મધ્યવર્તી વિચાર સાથે એક દિવસીય શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં રાજીપાનો વિચાર, કર્તાપણાનો વિચાર, સાંખ્ય વિચાર અને મહિમાનો વિચાર જેવા વિષયો પર પ્રવચનો કરીને સંતોએ સૌને સત્સંગના માર્ગે આગળ ધપવાનાં સોપાનો વર્ણવ્યા હતાં. સાથે સાથે પ્રશ્નોત્તરી, સંવાદ, સમૂહચર્ચા, વીડિયો આશીર્વાદ જેવા અનેકવિધ માધ્યમો દ્વારા કુલ ૪૨૦૦ હરિભક્તોએ યથાર્થ માર્ગદર્શન પ્રાપ્ત કરીને રોજિંદા જીવનમાં આવતા પડકારોનો સામનો કરવાની વિશેષ પ્રેરણા મેળવી હતી. ◆

### પૂજ્ય પવિત્રકીર્તિદાસ, સારંગપુર, ઉં.વ. ૨૮, અક્ષરવાસ તા. ૧૭-૮-૨૦૨૩



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સારંગપુર ખાતે સંત તાલીમ કેન્દ્રમાં રહીને અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થી સંત પૂજ્ય પવિત્રકીર્તિદાસ સ્વામી અક્ષરધામ નિવાસી થયા છે. અધિક શ્રાવણ માસના વિચરણ બાદ સંતો સાથે તેઓ નર્મદાસ્નાન માટે ગયા હતા. પગ લપસતાં તેઓ વહેણમાં તણાયા હતા. સાથેના યુવકોએ તેઓને પાણીમાંથી બહાર લાવીને તાત્કાલિક સારવાર પણ આપી, પરંતુ તેઓ અક્ષરધામમાં પધાર્યા હતા. તેમણે M.Sc. Chemistry સુધી અભ્યાસ કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે સન ૨૦૨૧માં ચાણસદ ખાતે દીક્ષા ગ્રહણ કરી હતી. અભ્યાસમાં ખૂબ તેજસ્વી, સ્વભાવે શાંત, પીઢ તથા પુરુષાર્થી હતા. તેઓનું જીવન આજ્ઞાંકિત, સંયમી અને સેવાભાવી હતું. એવા સેવાનિષ્ઠ સંતની અણધારી વિદાયથી સંસ્થાને મોટી ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ સુરેશભાઈ એન. શેલત, અમદાવાદ, ઉં.વ. ૮૫, અક્ષરવાસ તા. ૨૭-૮-૨૦૨૩



ગુજરાત રાજ્યના પૂર્વ એડવોકેટ જનરલ, ગુજરાત હાઈકોર્ટના નામાંકિત પીઢ અને વિદ્વાન વકીલ તેમજ સંનિષ્ઠ સત્સંગી બંધુ શ્રી સુરેશભાઈ શેલતના અક્ષરવાસથી માત્ર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના ન્યાયતંત્રને ખૂબ મોટી ખોટ પડી છે. શ્રી સુરેશભાઈ મૂળ ઉમરેઠના વતની. કુળપરંપરાથી ભગવાન સ્વામિનારાયણનો તેમને સહજ આશ્રય. બાળપણથી જ તેજસ્વી કારકિર્દી ધરાવતા સુરેશભાઈ અને તેમના બંધુઓએ ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા પછી પણ પોતાના વારસાગત આધ્યાત્મિક સંસ્કારો, નૈતિક મૂલ્યો તથા ન્યાયસંગતતાને જ પોતાના જીવનના અગ્રક્રમે મૂક્યા હતા. શ્રી સુરેશભાઈના પિતાશ્રી શ્રી નાનુભાઈ બ્રિટિશ શાસન દરમિયાન ૧૯૩૮થી એક ન્યાયાધીશ તરીકે જોડાયા હતા. પિતાશ્રીના પગલે ચાલીને સુરેશભાઈએ પણ એક વકીલ તરીકે ન્યાયના ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને પિતાએ શીખવેલા પ્રામાણિકતાના પાઠ જીવનભર જાળવી રાખ્યા. સત્તા અને સંપત્તિનાં અનેક પ્રલોભનો વચ્ચે પણ સુરેશભાઈએ સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન કર્યું નહીં. શ્રી સુરેશભાઈ કેન્દ્ર સરકારના સિનિયર કાઉન્સેલર તરીકે હાઈકોર્ટમાં પોતાની ફરજ બજાવી ચૂક્યા છે. સન ૧૯૯૫થી ૨૦૦૬ દરમ્યાન ગુજરાત રાજ્યના ઍડવોકેટ જનરલ તરીકે યશસ્વી કારકિર્દી બજાવીને તેમણે નોંધપાત્ર ઐતિહાસિક કેસમાં ખૂબ મહત્ત્વની સેવાઓ કરી હતી. સદા સરળ, સહજ, વિનમ્ર અને સંત જેવું ભક્તિસભર વ્યક્તિત્વ ધરાવતા સુરેશભાઈ સૌ કોઈ માટે અત્યંત આદરણીય સજ્જન બની રહ્યા હતા. સન ૧૯૬૯-૭૦થી સુરેશભાઈને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો યોગ થતાં તેમના સત્સંગના રંગે રંગાયા હતા. પ્રમુખસ્વામી મહારાજની સાધુતા, ઉચ્ચ આધ્યાત્મિકતાથી પ્રભાવિત સુરેશભાઈ તેઓને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ જ માનતા હતા. બી.એ.પી.એસ. સંસ્થાના નાનાં-મોટાં અનેક કાયદાકીય કાર્યોમાં એક સંનિષ્ઠ સલાહકાર અને સિનિયર વકીલ તરીકે તેમણે ખૂબ મહત્ત્વની સેવાઓ કરી હતી. સંસ્થા, સંતો અને સિદ્ધાંત પ્રત્યે પક્ષ અને મમત્વથી જીવનભર સેવા કરનાર અને સ્વામીશ્રીના ખૂબ કૃપાપાત્ર શ્રી સુરેશભાઈને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### શ્રી જશુભાઈ પટેલ, નવસારી, ઉં.વ. ૮૦, તા. ૬-૭-૨૦૨૩



નવસારી સત્સંગ પ્રવૃત્તિમાં ઘણાં વર્ષો સુધી નિષ્ઠાવાન કાર્યકર તરીકે સેવા આપનાર ભક્તરાજ જશુભાઈ પટેલ અમેરિકામાં અક્ષરનિવાસી થયા છે. ઠાકોરજીની તથા સત્સંગની સેવા તેમના જીવનનું આગવું અંગ હતું. શિખરબદ્ધ મંદિરોમાં ઠાકોરજીના થાળ બનાવવાની સેવા વર્ષો સુધી કરીને સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમના ધામગમનથી નવસારી સત્સંગમંડળને નિષ્ઠાવાન, સેવાભાવી ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### શ્રી બળદેવભાઈ પટેલ, નેનપુર, ઉં.વ. ૮૦, તા. ૨૩-૧-૨૩



નેનપુરના ભક્તરાજ બળદેવભાઈ પટેલને સત્સંગ વારસામાં મળ્યો હતો. બાળપણથી જ શાસ્ત્રીજી મહારાજનો દર્શન યોગ સાંપડ્યો અને સત્સંગ દૃઢ થયો હતો. સન ૧૯૭૦માં વડોદરા ખાતે સ્થાયી થયા બાદ શહેરમાં સ્વામીશ્રી અને સંતોની સાથે પધરામણીઓમાં તેમજ આજુબાજુનાં ગામડાઓમાં પણ સત્સંગસભા કરાવવા માટે જતા હતા. જીવનભર એક જ્ઞાની હરિભક્ત તરીકે કથાવાર્તા કરીને અનેકને સત્સંગની નિષ્ઠા દૃઢ કરાવી હતી. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ પ્રફુલ્લભાઈ આર. સી. પટેલ, મુંબઈ, ઉં.વ. ૮૪, અક્ષરવાસ તા. ૪-૮-૨૦૨૩



ઇંગ્લેન્ડના અગ્રણી કોમ્યુનિટી લીડર અને પીઢ આદરણીય સત્સંગી બંધુ શ્રી પ્રફુલભાઈ આર. સી. પટેલનો ૮૪ વર્ષની વયે મુંબઈમાં અક્ષરવાસ થતાં બી.એ.પી.એસ. સંસ્થા અને ઇંગ્લેન્ડના ભારતીય સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. યુગાન્ડાના જિંજા શહેરમાં શ્રી રાવજીભાઈ ચતુરભાઈ પટેલના ખોળે જન્મેલા શ્રી પ્રફુલ્લભાઈ મૂળ ચરોતરના સોજીત્રા ગામના વતની હતા. બીજા વિશ્વયુદ્ધના અરસામાં શ્રી રાવજીભાઈ વ્યવસાય અર્થે યુગાન્ડા સ્થાયી થયા તે પૂર્વેથી તેમને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો રંગ લાગ્યો હતો. પિતાનો સત્સંગ-વારસો લોહીમાં મેળવીને શ્રી પ્રફુલ્લભાઈ જિંજામાં એક સક્રિય સત્સંગી યુવાન તરીકે સેવારત બન્યા હતા. જિંજામાં એક શાળાકીય વિદ્યાર્થી નેતા તરીકે તેમણે 'યુગાન્ડા સ્ટુડન્ટ્સ એસોસિયેશન'ની સ્થાપના કરી હતી જેના દ્વારા તેમણે શાળાઓમાં હિન્દુ ધાર્મિક તહેવારોની રજાઓ મંજૂર કરાવી હતી. સન ૧૯૫૮માં તેઓ વિશેષ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ આવ્યા અને ઓક્સફર્ડ ટ્યૂટોરિયલ કૉલેજમાંથી ઇકોનોમિક્સ અને બ્રિટિશ કોન્સ્ટિટ્યૂશનનો અભ્યાસ કરીને તેઓ લંડન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વર્લ્ડ અફેર્સમાં ખૂબ નાની ઉંમરે લેક્ચરર થયા હતા. ત્યારબાદ નાની-મોટી અનેક સિદ્ધિઓ મેળવીને તેમણે એક તેજસ્વી ભારતીય તરીકે ઇંગ્લેન્ડની ગોરી પ્રજા વચ્ચે પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી. એક અગ્રણી સામાજિક નેતા તરીકે તેમણે નાની-મોટી અનેક સેવાઓ કરીને સફળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. ૧૯૭૨માં યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીને ભારતીયોને પહેરેલે કપડે દેશનિકાલ કર્યા ત્યારે ૩૦,૦૦૦થી વધુ એશિયન શરણાગતોને ઇંગ્લેન્ડમાં વસાવવામાં, 'યુગાન્ડા રિસેટલમેન્ટ બોર્ડ'ના એકમાત્ર ભારતીય સભ્ય તરીકે પ્રાઇમ મિનિસ્ટર શ્રી એડવર્ડ હીથની સરકારમાં પ્રફુલ્લભાઈએ ખૂબ મોટો ફાળો ભજવ્યો હતો. તેમની એ સેવામાં પ્રમુખસ્વામી મહારાજે ખૂબ પ્રેરણા આપી હતી. ઇંગ્લેન્ડમાં શૌર્યવંતા ભાષણો આપીને તેમણે ભારતીયો માટે સરકારને કેટલાક નીતિ નિયમોમાં ફેરફાર કરવાની પણ પ્રેરણા આપી હતી. બ્રિટિશ રાજવી પરિવારથી લઈને બ્રિટિશ સત્તાધીશો સુધી તેમની આગવી ખ્યાતિ અને ઓળખ હતી. ઇંગ્લેન્ડના રાજા કિંગ ચાર્લ્સ તૃતીયના રિસેપ્શન સમારોહમાં બકિંગહામ પેલેસમાં પણ તેઓ ખાસ નિમંત્રિત કરવામાં આવ્યા હતા.

સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સર્વ પ્રથમ વખત ઇંગ્લેન્ડ પધાર્યા ત્યારે ઇંગ્લેન્ડની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ચૅરમેન તરીકે પ્રફુલ્લભાઈએ ખૂબ મહત્ત્વની સેવાઓ બજાવી હતી. લંડનના સર્વપ્રથમ હિન્દુ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાથી લઈને યોગીજી મહારાજના અનેક ભવ્ય કાર્યક્રમોને સાકાર કરવામાં પ્રફુલ્લભાઈએ ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

સન ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજ બી.એ.પી.એસ. સંસ્થાના વડા તરીકે પ્રથમ વખત ઇંગ્લેન્ડ પધાર્યા ત્યારે પણ રોયલ આલ્બર્ટ હોલમાં તેમનું ભવ્ય સ્વાગત કરવાથી લઈને અનેકવિધ શાનદાર કાર્યક્રમોના આયોજનોમાં પ્રફુલ્લભાઈનું નેતૃત્વ અદ્વિતીય રહ્યું હતું. સંસ્થાના નિયમ, નિશ્ચય અને પક્ષથી ખમીરવંતા આ ભક્તરાજે અપાર સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર શ્રી પ્રફુલ્લભાઈના અક્ષરવાસથી એક પીઢ અને સંનિષ્ઠ ભક્તરાજની સંસ્થાને મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

– સાધુ ઈશ્વરચરણદાસ ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૯,**
**સપ્ટેમ્બર, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**







બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અમેરિકાના ન્યૂજર્સી રાજ્યમાં રોબિન્સવિલ નગર ખાતે નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામનાં વિવિધ શિખરો પર બિરાજમાન થનાર સ્વર્ણિમ અમૃત કળશનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતો.

કળશપૂજન સાથે આજે આ મહામંદિરનાં ગર્ભગૃહોમાં બિરાજમાન થનાર મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ પણ સ્વામીશ્રીના હસ્તે સંપન્ન થયો. (રક્ષાબંધન, તા. ૩૦-૮-૨૦૨૩)

Swaminarayan Prakash Gujarati, September-2023, Published on 1-9-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.






**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**